<u>**રેગ્યુલર દીવાની અપીલ નં.૨૨૫/૨૦૨૨**</u>

**આંક ૧ નીચે હુકમ :–**

---

૧. અપીલવાળા તથા સામાવાળા ધ્વારા આંક ૨૮ ની સંયુકત સમાધાન પુરસીસ આપી નીચે મુજબ જાહેરાત કરેલ છે.

*''અમો અપીલવાળા સામાવાળાની સ્થાવર મિલકત કે જે શહેર ભાવનગરમાં કાળાનાળા વિસ્તારમાં મોતીવિલાના નામથી ઓળખાતી આવેલ છે તે મિલકત માંહે જુદી જુદી ઓરડીઓ આવેલ તે પૈકીની એક રુમનાં ભાડુત તરીકે આવેલ.*

*સામાવાળાએ અમો અપીલવાળા સામે ખાલી કબજા વિગેરે માટે કેસ કરેલ અને તે કામમાં અમારી વિરુધ્ધ હુકમ થતા અમોએ ઉપરોકત અપીલ કરેલ છે, ઉપરોકત અપીલ ચાલતા દરમ્યાન ત્રાહેતોની મધ્યસ્થામાં સમાધાન થયેલ છે અને સમાધાન મુજબ અમો અપીલવાળાએ તા.૩૦/૦૪/૨૦૨૫ સુધીમાં અગર તો તે પહેલા દાવાવાળી જગ્યાનો કબજો સામાવાળાને સોંપી આપવાનો છે. અમો અપીલવાળાએ સામાવાળાને અમારી આર્થિક તથા અન્ય જગ્યાએ રહેણાંક વિગેરેની સગવડતા અન્વયેની વિનંતી કરતા અમો પક્ષકારો વચ્ચે તે અંગે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટની રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/– નકકી થયેલ છે અને તે રકમ સામાવાળાએ અમો કબજો સોંપીએ ત્યારે ચેકથી વસુલ આપવાનું નકકી થયેલ છે, અમો અપીલવાળાએ આજદીન સુધીના ટેક્ષ વિગેરેની રકમ તથા લાઈટ વપરાશની રકમ ભરપાઈ કરી આપેલ છે, તેમજ આમારુ લાઈટ કનેકશન કપાવવા સંબંધે પી.જી.વી.સી.એલ.માં અરજી કરી દીધેલ છે.*

*અમો અપીલવાળા ઉપર મુજબ તા.૩૦/૦૪/૨૦૨૫ સુધીમાં દાવાવાળી જગ્યાનો કબજો સામાવાળાને સોંપવામાં કસુર કરે તો તેવા પ્રસંગે સામાવાળા અમો અપીલવાળા પાસેથી દાવાવાળી જગ્યા અન્વયે થયેલ હુકમનામા મુજબ ખાલી કબજો મેળવવા હકકદાર રહેશે અને તે અંગે અમો અપીલવાળા કે અમારા કોઈપણ વંશ, વારસો કે અન્ય કોઈએ કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર લેવાના રહેતા નથી*

*અને જે રૂા.૧૫,૦૦,૦૦૦/– ની રકમ સામાવાળાએ આપવાની હતી તે પણ અમો અપીલવાળાએ કબજો સોંપવામાં કસુર કરેલ હોય મેળવવાની રહેતી નથી તેની આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ.*

*ઉપર મુજબ સમાધાન થતા અમો અપીલવાળા આ કામ આગળ ચલાવવા માંગતા નહી હોય આ પુરસીસ મંજુર કરી અપીલ ફાઈલ ઉપરથી દુર કરવા મહેરબાની કરશોજી.''*

૨. આમ, અપીલવાળા તથા સામાવાળા વચ્ચે ઉપરોકત પુરસીસ આધારે સમાધાન થયેલ હોય સમાધાન રેકર્ડ કરી હાલની અપીલ ગુણદોષમાં ગયા સિવાય ફેંસલ કરવામાં આવે છે.

૨.૧. કોર્ટ ફી રીફંડ જો હોય તો નિયમ મુજબ અપીલવાળાના નામનું કાઢી આપવું.

૨.૨. સમાધાનની શરતોને આધીન હુકમનામું દોરવું.

૨.૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૨.૪. આ હુકમની એક નકલ રેગ્યુલર દીવાની અપીલ નં.૨૨૫/૨૦૨૨ ના કામમાં મુકવી.

૨.૫. હાલના હુકમની કોપી રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ સાથે નીચલી અદાલતને મોકલી આપવી.

:: હુકમ આજરોજ તારીખ ૧૮, માહે જાન્યુઆરી, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૧૮/૦૧/૨૦૨૫

**(એચ.એસ.મુલીયા)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ જજ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin